॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥ ॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥ ॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

શ્રી નયવિજયજી મહારાજ કૃત

# શ્રી શત્રુંજય ઉદ્ધાર–રાસ

પ્રકાશક

સોમચંદ ડી. શાહ

જીવનનિવાસ સામે—પાલીતાણા.

મૂલ્ય

વીર સં. ૨૪૭૮ ]   ૦–૩–૦   [ વીર સં. ૨૦૦૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમોનમઃ

શ્રી નયવિજયજી મહારાજ કૃત

# શ્રી શત્રુંજય ઉદ્ધાર–રાસ

આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કો

વિમલગિરિવર વિમલગિરિવર મંડણો જિનરાય,
શ્રીરિસહેસર પાય નમીને; ધરીગે ધ્યાન શારદાદેવીય,
શ્રીસિદ્ધાચળ ગાયસ્યુંએ, હૈયે ભાવ નિરમળ ધરેવીય,
શ્રીશત્રુંજય તીરથ વડુંએ; જિહાં સિદ્ધ અનંતી કોડિ,
જિહાં મુનિવર મુગતે ગયા, વંદુ બે કર જોડી. ૧

## ઢાળ ૧ લી.

[ આદનરાય પુહતા. એ દેશી. ]

બે કર જોડીને જિનપાય લાગું, સરસ્વતી પાસે વચનરસ માગું; શ્રીશત્રુંજયગિરિ તીરથ સાર, શુણવા ઉલટ થયોરે અપાર. ૨. તીરથ નહીં કોઇ શત્રુંજય તોલે, અનંત તીર્થંકર એણિપરે બોલે; ગુરૂ મુખે શાસ્ત્રનો લહીય વિચાર. વર્ણવું શેત્રુંજા તીરથ ઉદ્ધાર. ૩. સુરવરમાંહી વડો જિમ ઈંદ્ર, ગ્રહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણુમાંહ વડો જિમ ચંદ; મંત્રમાંહિ જિમ શ્રી નવકાર, જળદાયકમાંહિ જિમ જળધાર. ૪. ધર્મમાંહિ દયાધર્મ વખાણુ; વ્રતમાંહિ જિમ બ્રહ્મવ્રત જાણુ; પર્વતમાંહિ વડો મેરૂ હોય, તિમ શત્રુંજય સમ તીરથ ન કોય. ૫.

## ઢાળ ૨ જી.

[ રાગ-ત્રણ પલ્યોપમ. ]

આગે એ આદિજિણેસર, નાભિનંદ નરિંદ મલ્હાર; શત્રુંજયશિખર સમોસર્યા, પૂર્વ નવાણું એ વાર. ૬. કેવળજ્ઞાન દિવાકર, સ્વામી શ્રી રિષભ-જિણંદ, સાથે ચોરાશી ગણધરા, સહસ ચોરાશી મુણીંદ. ૭. બહુ પરિવારે પરિવર્યા, શ્રી શત્રુંજય એકવાર; રિષભજિણંદ સમોસર્યા, મહિમા લહીએ ન પાર. ૮. સુરનર કોડિ મિલ્યા તિહાં, ધર્મદેશના જિન ભાસે; પુંડરિક ગણધર આગળે, શત્રુંજય મહિમા પ્રકાશે. ૯. સાંભળો પુંડરિક ગણધરા; કાળ અનાદિ અનંત, એ તીરથ છે શાશ્વતુ, આગે અસંખ્ય અરિહંત. ૧૦. ગણધર મુનિવર કેવળી, પામ્યા અનંતી એ કોડી; મુગતે ગયા એણે તીર્થે વળી, જાશે કર્મ વિછોડી. ૧૧. ક્રૂર હોય જે જીવડા, તીર્યંચ પંખી કહી જે; એ તીરથ સેવ્યા થકી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત સીઝે ભવ ત્રીજે. ૧૨. દીઠા દુરગતિ નિવારે, સારે વાંછીત કાજ, સેવ્યો શ્રી શત્રુંજય ગિરિવર, આપે અવિચળ રાજ. ૧૩

## ઢાળ ૩ જી.

[ સહીયર સમાણી આવો વેગે—એ દેશી ]

ઉત્સર્પિણી અવસર્પિણી આરા. બેહુ મિલીને બારજી; વીશ કોડાકોડી સાગર તેહનું, માન કહ્યું નિરધારજી. ૧૪. પહેલો આરો સુષમસુષમા, સાગર કોડાકોડિ ચારજી; તે કાળે એ શત્રુંજય ગિરિવર, એંસી યોજન અવધારજી. ૧૫. ત્રણ કોડાકોડિ સાગર આરો, બીજો સુષમ નામજી; તે કાળે એ શ્રી સિદ્ધાચળ, સીત્તેર જોયણ અભિરામજી. ૧૬. ત્રીજો સુષમ દુષમ આરો, સાગર કોડાકોડિ દોયજી; સાઠ જોયણનું માન શત્રુંજય. તદાકાળે તું જોયજી. ૧૭. ચોથો દુષમ સુષમ જાણો, પાંચમો દુષમ આરોજી; છઠો દુષમ દુષમ કહીએ, એ ત્રણ થઈને વિચારોજી. ૧૮. એક કોડાકોડિ સાગર કેરૂં, એહનું કહીએ માનજી; ચોથે આરે શત્રુંજય ગિરિ, પચાસ જોયણ પરધાનજી. ૧૯. પાંચમે છઠ્ઠે એકવીસ એકવીસ, સહસ વરસ વખાણોજી; બાર જોયણ ને સાત હાથનો, તદા વિમળગિરિ જાણોજી. ૨૦. તેહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણી સદાકાળ એ તીરથ, શાશ્વતું જિનવર બોલેજી; ઋષભદેવ કહે પુંડરિક નિસુણો, નહિ કોઈ શત્રુંજય તોલેજી. ૨૧. નાણ અને નિરવાણ મહાજસ, લેસ્યો તમે ઈણ ઠામેજી; એહ ગિરિતિરથ મહિમા ઇણ જગે, પ્રગટ હોશે તુમ નામેજી. ૨૨.

## ઢાળ ૪ થી.

[ જિનવરસ્યું મેરો મન લીનો—એ દેશી. ]

સાંભળી જિનવર મુખથી સાચું, પુંડરિક ગણધારરે: પંચ કોડિ મુનિવરશું ઈણ ગિરિ, અણસણ કીધું ઉદારરે ૨૩. નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર, સકળ તીરથમાંહી સારરે; દીઠે દુરગતિ દૂર નિવારે, ઉતારે ભવપારરે, નમો. ૨૪. કેવલ લઇ ચૈત્રી પૂનમ દીન, પામ્યા મુગતિ સુઠામરે; તદાકાળથી પૃથ્વીમાં પ્રગટિઉં, પુંડરિકગિરિવર નામરે. નમો. ૨૫. નયરી અયોધ્યાએ વિચરતા પહોંતાં, તાતજી ઋષભ જિણિંદરે; સાઠ સહસ એમ ષટ્ ખંડ સાધી, ઘેર આવ્યા ભરત નરિંદરે. નમો. ૨૬. ઘેર જઈ માયને પાયે લાગી, જનની દ્યો આશીષરે, વિમળાચળ સંઘાધિપ કેરી, પહોંચજ્યો પુત્ર જગીશરે. નમો. ૨૭. ભરત વિમાસે સાઠ સહસ વર્ષ, સાધ્યા દેશ અનેક રે; હવે હું તાત પ્રત્યે જઇ પૂછું, સંઘપતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિલક વિવેક રે. નમો. ૨૮. સમવસરણે પહોંચ્યા ભરતેસર, વંદી પ્રભુના પાયરે, ઈંદ્રાદિક સુરનર બહુ મિલિયા; દેશના દે જિનરાયરે. નમો. ૨૯. શત્રુંજય સંઘાધિપ યાત્રાફળ, ભાખે શ્રી ભગવંતરે; તવ ભરતેસર કરે રે સઝાઈ, જાણી લાભ અનંતરે. નમો. ૩૦.

## ઢાળ ૫ મી.

[ કનકકમળ પગલાં ઠવે એ. એ રાગ. ]

નયરી અયોધ્યાથી સંચર્યાએ, લેઈ લેઈ રિદ્ધિ અસેસ, ભરત નૃપ ભાવસ્યું એ. શત્રુંજય યાત્રા રંગ ભરે એ, આવે આવે ઉલટ અંગ, ભરત નૃપ ભાવસ્યું એ. ૩૧. આવે આવે ઋષભનો પુત્ર, વિમળગિરિ યાત્રાએ એ. લાવે લાવે ચક્રવર્તિની રિદ્ધિ. ભ૦ મંડલિક મુગટ વરદ્ધન ઘણાએ, બત્રીસ સહસ નરેશ ભ૦ ૩૨. ઢમઢમ વાજે દંદસ્યું એ, લાખ ચોરાશી નિસાણ; ભ૦ લાખ ચોરાશી ગજ તુરીએ, તેહના રત્નજડિત પલાણ. ભ૦ ૩૩. લાખ ચોરાશી રથ ભલાએ, વૃષભ ધોરી સુકુમાળ. ભ૦ ચરણે ઝાંઝર સોના તણાએ, કોટે સોવન ઘુઘરમાળ. ભ૦ ૩૪. બત્રીસ સહસ નાટક સહીએ, ત્રણલાખ મંત્રી દક્ષ. ભ૦ દીવીધરા પંચલાખ કહ્યાએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોળ સહસ સેવા કરે યક્ષ. ભ૦ ૩૫. દશ કોડિ આલંબ ધજાધરાએ, પાયક છન્નું કોડ. ભ૦ ચોસઠ સહસ અંતેઉરીએ, રૂપે સરખી જોડ. ભ૦ ૩૬ એક લાખ સહસ અઠાવીસ એ, વારંગનાનાં રૂપ નિહાલ. ભ૦ શેષ તુરંગમ સવિ મિલીએ, કોડિ અઢાર નિહાળ. ભ૦ ૩૭. ત્રણ કોડિ સાથે વેપારીયાએ, બત્રીસ કોડી સૂઆર. ભ૦ શેઠ સારથવાહ સામટાએ, રાય રાણાનો નહિ પાર ભ૦ ૩૮. નવ નિાધ ને ચૌદ રયણસ્યુંએ, લીધો લીધો સવી પરિવાર. ભ૦ સંઘપતિ તિલક સોહામણું એ. ભાલે ધરાવ્યું સાર. ભ૦ ૩૯. પગે પગે કરમ નિકંદતાએ, આવ્યા આવ્યા આસન જામ. ભ૦ ગિરિ પેખી લોચન ઠર્યાંએ, ધન ધન શત્રુંજય નામ૦ ભ૦ ૪૦. સોવનફુલ મુગતાફળે એ. વધાવ્યા ગિરિરાજ. ભ૦ દેઈ પ્રદક્ષિણા પાખથીએ, સિધ્યાં સઘળાં કાજ. ભ૦ ૪૧.

## ઢાળ ૬ ઠ્ઠી

[ જયમાળાની દેશી ]

કાજ સિધ્યા સકલ હવે સાર, ગિરિ દીઠે હરખ અપાર; એ ગિરિવર દરિસણ જેહ, યાત્રા ફળ કહીએ તેહ. ૪૨. સૂરજકુંડ નદી શેત્રુંજી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીરથ જળે નાહ્યા રંજી; રાયણ તળે ઋષભ જિણંદા, પહેલાં પગલાં પૂજે નરિંદા. ૪૩. વળી ઈન્દ્ર વચન મન આણી, શ્રી ઋષભનું તીરથ જાણી; તવ ચક્રી ભરત નરેશ, વાર્દ્ધકિને દીધો આદેશ. ૪૪. તિણે શેત્રુંજા ઉપર ચંગ, સોવન પ્રાસાદ ઉત્તંગ; નીપન્યો અતિ મનોહર, એક કોસ ઉંચો ચૌબાર. ૪૫. ગાઉ દોઢ વિસ્તારે કહીએ, સહસ ધનુષ્ય પહોળપણે લઈએ, એકેક બારણે જોઇ, મંડપ એકવીસજ હોઇ. ૪૬. એમ ચારે દિસે ચોરાશી, મંડપ રચીયા સુપ્રકાશી; તિહાં રયણમય તોરણ માળ, દીસે અતિ ઝાકઝમાળ. ૪૭. વિચે ચિહું દિસે મૂળ ગભારે, થાપી જિનપ્રતિમા ચ્યારે; મણિમય મૂરતિ સુખકંદ, થાપ્યા શ્રી આદિ જિણંદ. ૪૮. ગણધર વર પુંડરિક કેરી, થાપી બિહું પાસે મુરતિ ભલેરી; આદિજિન મૂરતિ કાઉસગીયા, નમિ વિનમિ બેહુ પાસે ઠવીયા. ૪૯. મણિ સોવન રૂપ પ્રાકાર, રચ્યું સમોસરણ સુવિચાર; ચિહું દિસે ચઉધર્મ કહંતા, થાપી મૂરતિ શ્રી ભગવંતા. ૫૦. ભરતેસર જોડી હાથ, મૂરતિ આગળે જગનાથ; રાયણ તળે જમણે પાસે, પ્રભુ પગલાં થાપ્યાં ઉલ્લાસે. ૫૧. શ્રી નાભિ અને મરૂદેવી, પ્રાસાદસ્યું મૂરતિ કરેવી; ગજવર ખંધે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લહી મુક્તિ, કીધી આઇની મૂરતિ ભક્તિ. ૫૨. સુનંદા સુમંગલા માતા, બ્રાહ્મિ સુંદરી બ્હેની વિખ્યાતા; વળી ભાઈ નવાણું પ્રસિદ્ધ, સવી મૂરતિ મણિમય કીધ. ૫૩. નીપાઈ તીરથમાળ, સુપ્રતિષ્ઠા કરાવી વિશાળ; યક્ષ ગોમુખ ચક્કેસરી દેવી, તીરથ રખવાળ ઠવેવી. ૫૪. એમ પ્રથમ ઉદ્ધારજ કીધો, ભરતે ત્રિભુવન જસ લીધો; ઇન્દ્રાદિક કીરતિ બોલે, નહિં કોઇ ભરત નૃપ તોલે. ૫૫. શત્રુંજય માહાત્મ્ય માંહિ, અધિકાર જોજો ઉછાંહી; જિન પ્રતિમા જિનવર સરખી, જુઓ સૂત્ર ઉવવાઈ નિરખી. ૫૬.

卐

વસ્તુ.

ભરતે કીધો ભરતે કીધો, પ્રથમ ઉદ્ધાર; ત્રિભુવન કીરતિ વિસ્તારી, ચંદ સુરજ લગે નામ રાખ્યું; તિણે સમે સંઘપતિ કેટલા, હુવા સો એમ શાસ્ત્રે ભાખ્યું. કોડી નવાણુ નરવર હુઆ, નેવ્યાસી લાખ; ભરત સમે સંઘપતિ વળી, સહસ ચોરાશી ભાખ. ૫૭.

## ઢાળ ૭ મી.

[ ચોપાઇની ચાલ ]

ભરત પાટે હુવા આદિતયસા, તસ પાટે તસ સુત મહાજસા, અતિબળભદ્ર અને બળવીર્ય, કીર્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર્ય અને જળવીર્ય. ૫૮. એ સાતે હુઆ સરિખી જોડી, ભરત થકી ગયા પૂરવ છ કોડી; દંડવીર્ય આઠમે પાટે હવો, તેણે ઉદ્ધાર કરાવ્યો નવો. ૫૯ ઇંદ્રે સોઇ પ્રશંસ્યો ઘણું, નામ અજવાળ્યું પૂર્વજ તણું; ભરત તણી પેરે સંઘવી થયો, બીજો ઉદ્ધાર એહનો કહ્યો. ૬૦ ભરત પાટે એ આઠે વળી, ભુવન આરીસામાં કેવળી; એણે આઠે સવિ રાખી રીતિ, એક ન લોપી પૂર્વજ રીતિ. ૬૧ એકસો સાગર વીત્યા જિસે, ઈશાનેન્દ્ર વિદેહમાં તિસે; જિનમુખે સિદ્ધગિરિ સુણ્યો વિચાર, તિણે કીધો ત્રીજો ઉદ્ધાર. ૬૨. એક કોડી સાગર વળી ગયાં, દીઠાં ચૈત્ય વિસસ્થલ થયાં; માહેન્દ્ર ચોથો સુર લોકેંદ્ર, કીધો ચોથો ઉદ્ધાર ગિરીન્દ્ર. ૬૩. સાગર કોડી ગયાં ગયાં દશ વળી, શ્રી બ્રહ્મેન્દ્ર ઘણું મન રૂળી; શ્રી શત્રુંજય તીરથ મનોહર, કીધો તેણે પાંચમો ઉદ્ધાર. ૬૪. એક કોડી લાખ સાગર અંતરે, ચમરેન્દ્રાદિક ભુવન ઉદ્ધર્યે, છઠ્ઠો ઇન્દ્ર ભુવનપતિતણો. એ ઉદ્ધાર વિમળગિરિ સુણો. ૬૫. પચાસ કોડી લાખ સાગર તણું, આદિ અજિત વચ્ચે અંતર ઘણું, તેહ વચ્ચે હુઆ સુક્ષ્મ ઉદ્ધાર, તે કહેતાં નવિ લહીએ પાર. ૬૬. હવે અજિત બીજા જિન દેવ, શ્રી શેત્રુંજે સેવામિષ હેવ; સિદ્ધક્ષેત્ર દેખી ગહ ગહ્યા, અજિતનાથ ચોમાસું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યા. ૬૭. ભાઈ પીતરાઈ અજિત જિનતણો, સગર નામે બીજો ચક્રવર્તી ભણો; પુત્ર મરણ પામ્યો વૈરાગ, ઇન્દ્રે પ્રીછવીયો મહાભાગ્ય. ૬૮. ઈન્દ્ર તે વચન હૈડામાં ધરી, પુત્ર મરણ ચિંતા પરિહરી; ભરત તણી પરે સંઘવી થયો, શ્રી શત્રુંજય યાત્રા ગયો. ૬૯ ભરત મણીમય બિંબ વિશાલ, કર્યા કનક પ્રાસાદ ઝમાલ; તે પેખી મન હરખ્યો ઘણું. નામ સાંભળ્યું પૂર્વજ તણું. ૭૦. જાણી પડતો કાળ વિશેષ, રખે વિનાશ ઉપજે રેષ; સોવન ગુફા પશ્ચિમ દિશિ જિહાં, રયણ બિંબ ભંડાર્યો તિહાં. ૭૧. કરી પ્રાસાદ સયલ રૂપાના, સોવન બિંબ કરી થાપના; કર્યો અજિત પ્રાસાદ ઉદાર, એ સગર સાતમો ઉદ્ધાર. ૭૨ પચાસ કોડિ પંચાણું લાખ, ઉપર સહસ પંચોતેર ભાખ, એટલા સંઘવી ભૂપતિ થયા, સગર ચક્રવર્ત્તી વારે કહ્યા. ૭૩. ત્રીસ કોડિ દસ લાખ કોડિ સાર, સગર અંતર કર્યો ઉદ્ધાર; વ્યંતરેન્દ્ર આઠમો સુચંગ. અભિનંદન ઉપદેશ ઉત્તંગ. ૭૪ વારે શ્રી ચંદ્રપ્રભુ-તણે, ચંદ્રશેખર સુત આદર ઘણે, ચંદ્રજસા રાજા મન રંગ, નવમો ઉદ્ધાર કર્યો શેત્રુંજ. ૭૫. શાંતિનાથ સોળમા સ્વામ, રહ્યા ચોમાસું વિમળગિરિ ઠામ; તસ સુત ચક્રાયુદ્ધ રાજિયો, તેણે દશમો ઉદ્ધારજ કીઓ. ૭૬. કીઓ શાંતિ પ્રાસાદ ઉદ્દામ, હવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશરથ સુત રાજા રામ; એકાદશમો કર્યો ઉદ્ધાર, મુનિસુવ્રત વારે મનોહાર. ૭૭. નેમિનાથ વારે નિરધાર, પાંડવ પાંચે કર્યો ઉદ્ધાર; શ્રી શત્રુંજયગિરિ પુગી રળી, એકાદશમો જાણો વળી. ૭૮.

## ઢાળ ૮ મી

( રાગ-વધરાડી )

પાંડવ પાંચ પ્રગટ હુવા, ખોઇ અક્ષોહિણી અઢારરે; પોતાની પૃથ્વી કરી, કીધો માયને જુહારરે ૭૯. કુંતામાતા એમ ભણે, વત્સ સાંભળો આપરે; ગોત્ર નિકંદન તુમે કર્યો, તે કિમ છુટશે પાપરે. ૮૦. પુત્ર કહે સુણ માવડી, કહો અમ શો ઉપાયરે; તે પાતિક કિમ છુટીએ. વળતું પભણે માયરે. ૮૧. શ્રી શત્રુંજય તીરથ જઈ, સૂરજકુંડે સ્નાનરે; ઋષભજિણંદ પૂજા કરી, ધરો ભગવંતનું ધ્યાનરે. ૮૨. માત શિખામણ મન ધરી, પાંડવ પાંચે તામરે; હત્યા પાતિક છુટવા, પહોંચ્યા વિમળગિરિ ઠામરે. ૮૩. જિનવર ભક્તિ પૂજા કરી, કીધો બારમો ઉદ્ધારરે; ભુવન નિપાયો કાષ્ઠ મય, લેપમય પ્રતિમા સારરે. ૮૪. પાંડવ વીર વચ્ચે આંતરૂં, વરસ ચોરાશી સહસરે, ચારસેં સીત્તેર વરસે હુવો, વીરથી વિક્રમ નરેશરે. ૮૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ ૯ મી

ધન્ય ધન્ય શત્રુંજય ગિરિવર, જિહાં હુવા સિદ્ધ અનંતરે; વળી હોશે ઇણે તીરથે, ઇમ ભાખે ભગવંતરે. ધન્ય૦ ૮૬. વિક્રમથી એકસોને આઠે, વરસે હુઓ જાવડશાહુરે. તેરમો ઉદ્ધાર શેત્રુંજે કર્યો, થાપ્યા આદિજિન નાહરે. ધ૦ ૮૭. પ્રતિમા ભરાવીને રંગશું, નવા શ્રી આદિજિણંદરે. શ્રી શત્રુંજયશિખરે થાપીયા, પ્રાસાદે નયણાણંદરે. ૮૮. પાંડવ જાવડ આંતરો, પચવિસ કોડિ મયાલરે; લાખ પંચાણું ઉપરે, પંચોતેર સહસ ભૂપાળરે. ધ૦ ૮૯. એટલા સંઘવી તીહાં હુવા, ચૌદસમો ઉદ્ધાર વિશાળરે; બારતેરોત્તરવર્ષે કરે, મંત્રી બાહડદે શ્રીમાળરે. ધ૦ ૯૦. બારસેં છયાસીએ મંત્રી વસ્તુપાળે, જાત્રા શેત્રુંજાગિરિ સારરે; તિલકા તોરણસ્યું કર્યો, શ્રી ગિરનારે આવતારરે. ૯૧. સંવત તેર ઇકોતરે, શ્રી ઓસવંશ શૃંગારરે; શાહ સમરો દ્રવ્ય વ્યય કરે. પંચદસમો ઉદ્ધારરે. ધ૦ ૯૨. શ્રી રત્નાકરસૂરીશ્વરૂ, વડતપગચ્છ શૃંગારરે; સ્વામી ઋષભજ થાપીયા, સમરો શાહ ઉદ્ધારરે. ધ૦ ૯૩.

## ઢાળ ૧૦ મી

[ રાગ–ઉલ્લાળાનો ]

જાવડ સમરા ઉદ્ધાર, એહ વિચે ત્રિણ લખ સાર;
ઉપર સહસ ચોરાશી, એટલા સમકિતવાસી. ૯૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવક સંઘપતિ હુઆ, સત્તરસહસ ભાવસાર જુઆ; ખત્રી સોળ સહસ જાણુ; પન્નર સહસ વિપ્ર વખાણું. ૯૫. કુલંબી બાર સહસ કહીયે, લેઉઆ નવ સહસ લહીયે; પંચ સહસ પીસતાલીસ, એટલા કંસારા કહીયે. ૯૬. એ સવિ જિનમત ભાવ્યા, શ્રીશત્રુંજય જાત્રાએ આવ્યા; અવરની સંખ્યા તે જાણું, પુસ્તક દીઠે તે વખાણું. ૯૭. સાતસેં મેહર સંઘવી, યાત્રા તલહટી તસ હવી, બહુશ્રુત વચને રાચું, એ સવી માનજ્યો સાચું. ૯૮. ભરત સમરાશાહ અંતરે, સંઘવી અસંખ્યાતા ઇણિપરે; કેવળી વિણુ કુણુ જાણે, કિમ છદ્મસ્થ વખાણે. ૯૯. નવ લાખબંધી બંધ કાપ્યા, નવલાખ હેમ ટકા આપ્યા; તોદેશિલહિરીયે અન્ન ચાખ્યું, સમરાશાહે નામ રાખ્યું. ૧૦૦. પંદર સત્યાસીએ પ્રધાન, બાદરશા દિએ બહુમાન; કરમાશાહે જશ લીધો, ઉદ્ધાર સોળમો કીધો. ૧૦૧. એણી ચોવીસીએ વિમળગિરિ, વિમળવાહન નૃપ આદરી, દુપસ્સહ ગુરૂ ઉપદેશે, ઉદ્ધાર છેલ્લો કરશે. ૧૦૨. એમ વળી જે ગુણુવંત, તીરથ ઉદ્ધાર મહંત; લક્ષ્મી લહી વ્યય કરશે, તસ ભવકાજ તે સરશે. ૧૦૩.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ ૧૧ મી.

[ રાહે—માખન સુપન તું એ ]

ધન ધન શત્રુંજયગિરિ, સિદ્ધક્ષેત્ર એ ઠામ; કર્મ ક્ષય કરવા, ઘર બેઠા જપો નામ. ૧૦૪. ચોવીસ એણિએ, નેમ વિના જિન ત્રેવીસ, તીરથ ભૂમિ જાણી સમોસર્યા જગદીશ. ૧૦૫. પુંડરીક પંચ કોડિસ્યું, દ્રાવિડ વારિખિલ્લ જોડી, કાર્તિક પુનમે સિદ્ધા, મુનિવરસ્યું દસ કોડી. ૧૦૬. નમિ વિનમિ વિદ્યાધર, દોય કોડિ મુનિ સંજુત્ત; ફાગણ સુદી દશમી, એણિ ગિરિ મોક્ષ પહુત્ત ૧૦૭ શ્રી ઋષભ વંસી નૃપ, ભરત અસંખ્યાતા પાટ, મુગતે ગયા ઇણગિરિ, એ ગિરિ શિવપુર વાટ. ૧૦૮. રામ મુનિ ભરતાદિક, મુનિ ત્રિક કોડીસ્યું ઇમ; નારદસ્યું એકાણું, લાખ મુનિવર તેમ. ૧૦૯. મુનિ શાંબ પદ્યુમ્નસ્યુ, સાડી આઠ કોડિ સિદ્ધ; વીસ કોડીસ્યું પાંડવા, મુગતે ગયા નિરાબાધ. ૧૧૦. વળી થાવચ્ચા સુત, શુક મુનિવર ઇણે ઠામ, સહસ સહસસ્યું, સિધ્યા પંચશતશેલંગ નામ. ૧૧૧. ઈમ સિદ્ધા મુનિવર, કોડાકોડિ અપાર, વળી સિદ્ધશે ઇણે ગિરિ, કુણ નહિ જાણે પાર. ૧૧૨. સાત છઠ્ઠ દોય અઠ્ઠમ, ગણે એક લાખ નવકાર; શત્રુંજયગિરિ સેવે, તેહને નહિ અવતાર. ૧૧૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ ૧૨ મી.

[ રાગ–વધાવાનો ]

માનવભવ મેં ભલે લહ્યો, વહ્યો તે આરિજ દેશ; શ્રાવક કુળ લાધ્યું ભલું, જે પામ્યો રે વાલ્હો ઋષભ જિણેશ કે. ૧૧૪. ભેટ્યો રે ગિરિરાજ, હુવે સિદ્ધયારે માહરાં વંચ્છિત કાજકે, મુને ત્રુઠ્યોરે, ત્રિભુવન પતિ આજ કે. એ આંકણી૦ ભે૦ ૧૧૫. ધનધન વંશકુલગરતણો, ધનધન નાભિ નરિંદ; ધનધન મરૂદેવી માવડી, જેણે જાયોરે વહાલો ઋષભ જિણુંદ કે ભે૦ ૧૧૬. ધનધન શત્રુંજય તીરથ, રાયણ રૂખ ધનધન, ધન્ય ધન્ય પગલાં પ્રભુ તણાં, જે પેખિરે મોહિયું મુજ મન્ન કે. ભે૦ ૧૧૭, ધન ધન તે જગે જીવડા, જે રહે શેત્રુંજા પાસ, હરનિસી ઋષભ સેવા કરે, વળી પૂજેરે પ્રભુ મતિ ઉલ્લાસ કે ભે૦ ૧૧૮. આજ સખી મુજ આંગણે, સુરતરૂ ફળીગો સાર. ઋષભ જિણેસર વંદિયા, હુવે તરિઓ રે ભવજલધિ પાર કે. ભે૦ ૧૧૯. સોળ અડવીસે આસો માસમાં, શુદિ તેરશ બુધવાર, અમદાવાદ નયરમાં, મેં ગાયોરે શેત્રુંજા ઉદ્ધાર કે. ભે૦ ૧૨૦. વડતપગચ્છ ગુરૂ ગચ્છપતિ; શ્રી ધનરત્નસૂરીંદ. તસુ શીષ્ય તસુ પાટે જયકરૂ, ગુરૂગચ્છ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતિરે અમરરત્નસૂરીંદ કે. ભે૦ ૧૨૧. વિજયમાન તસ પટધરૂ, શ્રી દેવરત્નસૂરીશ શ્રીધનરત્નસૂરીશના, શિષ્ય પંડિતરે ભાનુ મેરૂ ગણેશ કે. ભે૦ ૧૨૨. તસ પદ કમળ ભ્રમરતણે, નયસુંદર દે આશીશ ત્રિભુવન નાયક સેવતાં, પુગીરે શ્રી સંઘ જગીશ કે. ભે૦ ૧૨૩

—કળશ—

ઈમ ત્રિજગનાયક મુગતિદાયક વિમળગિરિ મંડણ ધણી, ઉદ્ધાર શત્રુંજય સાર ગાયો, સ્તવ્યો જિન ભગતિ ઘણી; ભાનુ મેરૂ પંડિત શિષ્ય દોએ, કરજોડી કહે નયસુંદરો, પ્રભુ પાય સેવા નિત્ય કરેવા, દેઈ દરશન જય કરો. ૧૨૪.

પ્રેમભક્તિ મુદ્રણાલય–પાલીતાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન સંસ્કૃતિનું સંદેશ વાહક
જૈન સમાજનું લોકપ્રિય માસિક.

# કલ્યાણ

સંપાદક
**સોમચંદ. ડી. શાહ**
આજેજ ગ્રાહક થાઓ!
વાર્ષિક લવાજમ રૂા ૫-૦-૦
**કલ્યાણ પ્રકાશન મંદિર**
પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

For Private And Personal Use Only